# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરનાર દરેક યુવાનને મદદ કરવા સરકાર હંમેશાં તત્પર હોવાનું જણાવતાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ.**
2. **તેલ અને ગેસ સંરક્ષણ પખવાડિયાની ઉજવણી પ્રસંગે રાજ્યપાલે પેટ્રોલિયમ પેદાશો, ગેસ, ઈંધણ અને ઊર્જાની બચત કરવા નાગરિકોને અપીલ કરી.**
3. **રાજ્યના 75 હજાર જેટલા વિદ્યાર્થીઓ આજથી CBSEની પરીક્ષા આપશે.**
4. **આવતીકાલે યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે તંત્ર સજ્જ - ઉમેદવારોનો ડોર ટુ ડોર ચૂંટણી પ્રચાર.**
5. **વડોદરા ખાતે રમાયેલી વુમન પ્રિમિયર લીગની પ્રથમ મેચમાં ગુજરાતને બેંગ્લુરુએ પરાજય આપ્યો.**

------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT STARTS UP CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઇન્ડિયન એક્સપ્રેસ ગ્રૂપ દ્વારા અમદાવાદમાં ગુજરાત સ્ટાર્ટ-અપ્સ ફ્યુઅલિંગ ઇનોવેશન ઍન્ડ ઈકોનોમિક ગ્રોથ વિષય પર આયોજિત કાર્યક્રમમાં જણાવ્યું હતું કે , સ્ટાર્ટ અપને લઈને કોઈપણ વિચાર આવે અને એ વિચારને જમીન પર ઉતારવાનો થાય તેમાં રાજ્ય સરકાર મદદરૂપ બની છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી સ્ટાર્ટઅપ ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસરની ભૂમિકામાં રહ્યું છે.

યુવાનોને માર્ગદર્શન આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે જો કોઈ યુવાન પોતાનું સ્ટાર્ટઅપ શરૂ કરે , તો સરકાર હંમેશાં તેને મદદ કરવા માટે તૈયાર છે. આજના યુવાનોએ નોકરીના બદલે પોતાનો બિઝનેસ શરૂ કરવાનો વિચાર કરવો જોઈએ , જેથી કરીને પોતાના બિઝનેસ થકી અનેક લોકોને રોજગારી મળશે.

# PETROLIUM PRODUCT AWERNESS GOVERNOR

પેટ્રોલિયમ પેદાશો, ગેસ, ઈંધણ અને ઊર્જાની બચત કરવા પ્રત્યેક વ્યક્તિએ પોતાની આદતો અને વિચારો બદલવા પડશે તેમ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે લોકોને અપીલ કરી છે.

અમદાવાદમાં તેલ અને ગેસ સંરક્ષણ પખવાડિયા - સંરક્ષણ ક્ષમતા મહોત્સવ 'સક્ષમ'ની રાજ્યવ્યાપી ઉજવણીનો શુભારંભ કરાવતા રાજ્યપાલે આ અભિયાનને જન આંદોલન બનાવવાની હાકલ કરી હતી.

28 ફેબ્રુઆરી સુધી ચાલનારા આ અભિયાન અંતર્ગત વિવિધ જાગૃતિ કાર્યક્રમ યોજાશે

ભારતમાં પેટ્રોલ-ડીઝલ સહિત પેટ્રોલિયમ પેદાશોનો કુલ વપરાશ 234 મિલિયન મેટ્રિક ટન : 88% ઈંધણની આયાત કરવી પડે છે : જેના માટે ભારત સરકારે 156 મિલિયન ડોલર જેટલો જંગી ખર્ચ કરવો પડે છે.

# JITENDRA SINGH – BUDGET

કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે ગઇકાલે અમદાવાદ ખાતે કેન્દ્રીય અંદાજ પત્ર 2025-26 અંગે માહિતી આપી હતી. શ્રી સિંઘે જણાવ્યું કે આ બજેટ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દુરોગામી વિચારોની ઝલક છે. આ બજેટમાં મધ્યમ વર્ગને આવક વેરામાં મોટી રાહત આપી અપાઈ છે. શ્રી સિંઘે ઉમેર્યું કે ન્યુક્લિયર મિશન લોન્ચ કરાતા 2047 સુધી ભારત 100 ગીગા વોટ ન્યુક્લિયર એનર્જીનું ઉત્પાદન કરવા સક્ષમ બની જશે.

**(બાઇટ: ડૉ. જીતેન્દ્ર સિંહ - કેન્દ્રીય રાજ્યમંત્રી)**

# CBSE EXAM

આજથી દેશભરમાં ધો. 10-12ની CBSE બોર્ડની પરીક્ષા માં 44 લાખ જેટલા વિદ્યાર્થીઓ અલગ-અલગ 204 જેટલા વિષયોમાં પરીક્ષા આપશે. રાજ્યના 75 હજાર જેટલા વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપશે. પરીક્ષા 15 ફેબ્રુઆરીથી 2 એપ્રિલ સુધી ચાલશે. જેનો સમય સવારે 10.30થી 1.30 વાગ્યાનો છે.

આ વર્ષથી તમામ પરીક્ષા કેન્દ્રો ઉપર સીસીટીવી મોનિટરિંગ ઓફિસર મૂકવાનો નવો નિયમ બનાવવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રમાં 240 વિદ્યાર્થીઓ

અથવા 10 ક્લાસરૂમ વચ્ચે એક સીસીટીવી મોનિટરિંગ ઓફિસરને ફરજ સોંપવામાં આવશે.

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં  48 પરીક્ષા કેન્દ્રો ઉપર સીબીએસઈની પરીક્ષા શરૂ થશે. જેમાં ધોરણ  10માં 2,602 અને ધોરણ 12માં 1,623 વિદ્યાર્થીઓ એમ બન્ને મળીને  4,225 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. દિલ્હીથી કંટ્રોલરૂમ ખાતેથી સીબીએસઈ બોર્ડની પરીક્ષાના CCTVનુ મોનિટરિંગ કરશે.

# AMRELI SSC BOARD EXAM MEETING

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આયોજિત ધો.10 અને ધો.12 બોર્ડની પરીક્ષાઓના આયોજન માટે અમરેલી જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષ અને જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી.

અમરેલી જિલ્લામાં આગામી 27 ફેબ્રુઆરીથી  17 માર્ચ, સુધી 48 કેન્દ્રો પર ધો.10 અને ધો.12ની બોર્ડની પરીક્ષા યોજાશે. અમરેલી જિલ્લા કલેક્ટર અજય દહિયાએ પરીક્ષા સમિતિના વિવિધ સભ્યોને દિશાનિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લામાં ધો.10ની 19 હજાર 495 અને સામાન્ય પ્રવાહ નવ હજાર 572 મળી  કુલ 30,795 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

# DANG – NAMO SHREE YOJANA

**માતા અને બાળક નું સ્વાસ્થ્ય સુનિશ્ચિત કરવા માટે સગર્ભા બહેનો અને ધાત્રી માતાઓને આર્થિક સહાયતા પૂરી પાડવા માટે જાહેર કરાયેલી નમોશ્રી યોજના અંતર્ગત ડાંગ જિલ્લામાં 1700 જેટલી મહિલાઓએ નમોશ્રી યોજનાનો લાભ લીધો છે.**

**લાભાર્થી સગર્ભા બહેનો માતાઓને 12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આદિવાસી બહુલતા ડાંગ જિલ્લામાં અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ તેમજ BPL કાર્ડ ધરાવતી મહિલાઓને નમો શ્રી યોજનાનો લાભ મળી રહ્યો છે.**

**(બાઈટ : હિમાંશુ ગામીત એ.ડી.એચ.ઓ. )**

# LOCAL BODIES ELECTION

આવતીકાલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે તંત્ર સજ્જ થઈ ગયું છે. આવતીકાલે યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પ્રચાર પડઘમ ગઈકાલથી શાંત થયા છે. હવે ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરશે. આ ચૂંટણીમાં કુલ 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે.

રાજ્ય ચૂંટણી આયોગની યાદીમાં જણાવ્યા પ્રમાણે, સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી હેઠળના તમામ એકમો માટે કુલ 7 હજાર 36 ઉમેદવારી પત્રો રજૂ થયા હતા. તે પૈકી 1 હજાર 261 અમાન્ય તેમજ 5 હજાર 775 ઉમેદવારી પત્રો માન્ય ઠર્યા છે અને 478 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો પરત ખેંચ્યા છે. આવતીકાલે

સવારે 7 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધી મતદાન થશે. તો 18 ફેબ્રુઆરીના રોજ મતગણતરી હાથ ધરાશે.

# WEATHER

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાક દરમિયાન અમદાવાદ શહેરનું લઘુત્તમ તાપમાન એક ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું છે પરંતુ આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતાઓ છે. આગામી ત્રણ દિવસ બાદ રાજ્યભરના લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં વધારો થશે.

## (બાઇટ: એ.કે.દાસ – હવામાન વિભાગ, મહાનિદેશક)

# MORBI MEET

મોરબી મહાનગરપાલિકા બન્યા બાદ તંત્રની સંકલન સમિતિની સૌપ્રથમ બેઠક સિટી સિવિક સેન્ટર ખાતે યોજાઈ હતી. મ્યુનિસિપલ કમિશનર સ્વપ્નિલ ખરેની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં શહેરમાં ચાલી રહેલા દબાણ હટાવ, સફાઈ, ટ્રાફિક સહિતની કામગીરી વેગવંતી બને તે અંગે ચર્ચા કરવામાં આવી હતી.

ઉપરાંત આગામી સમયમાં થનારા વિકાસકાર્યોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.મ્યુનિ. કમિશનર સ્વપ્નિલ ખરેએ મહાનગરપાલિકા તંત્ર દ્વારા સેનેટરી ઇન્સ્પેક્ટર, સર્વેયર , પ્લાનિંગ આસિસ્ટન્ટ, સિવિલ એન્જિનિયર, રિકવરી

ઓફિસર સહિતની 78 જગ્યાઓ કોન્ટ્રાક્ટ બેઝથી ભરવામાં આવનારી હોવાનું જણાવ્યું હતું.

## (બાઈટ : સ્વપ્નિલ ખરે, મ્યુનિસિપલ કમિશનર, મોરબી )

## WPL

ક્રિકેટમાં, વીમેન્સ પ્રિમીયર લીગ 2025ની પ્રથમ મેચમાં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ-RCBએ ગુજરાત જાયન્ટ્સને છ વિકેટે પરાજય આપ્યો છે. વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં 202 રનના લક્ષ્યાંકનો પીછો કરતા RCBએ ચાર વિકેટ ગુમાવીને નવ બોલ બાકી હતા ત્યારે મેચ જીતી લીધી હતી. રિચા ઘોષે 27 બોલમાં અણનમ 64 અને એલિસ પેરીએ 34 બોલમાં 57 રનનું યોગદાન આપ્યું હતું.

અગાઉ, બેટિંગ કરતા ગુજરાત જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 201 રન કર્યા હતા. કેપ્ટન એશલી ગાર્ડનરે 79 અને બેથ મુનેએ 56 રન કર્યા હતા. રિચા ઘોષને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે, મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે. WPLની ત્રીજી સીઝનમાં પાંચ ટીમો રમી રહી છે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇનાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાશે.